# ખંભાત નગરપાલિકા, ખંભાત

આજ તારીખ.૨૧–૦૭–૨૦૧૭ને શુક્રવાર ના રોજ સાંજે ૦૪–૩૦ કલાકે ખંભાત નગરપાલિકા કચેરીના સભાખંડમાં પ્રમુખશ્રી પરીમલબેન ભદ્રીકભાઈ શાહ ના અધ્યક્ષ સ્થાને ખાસ સામાન્ય સભા મળી હતી પ્રારંભમાં ઉપસ્થિત સદસ્યશ્રીઓની હાજરી રજીસ્ટરમાં સહી લેતા નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર છે.

હાજર સભ્યશ્રી ઓ.

| | | | | |
|---|---|---|---|---|
| (૧) | શ્રી | પરીમલબેન ભદ્રીકભાઈ શાહ | પ્રમુખશ્રી | હાજર |
| (૨) | શ્રી | રાજેશકુમાર ગુણવંતલાલ રાણા | ઉપપ્રમુખશ્રી | હાજર |
| (૩) | શ્રી | ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા | સભ્યશ્રી | હાજર |
| (૪) | શ્રી | આરીફાબાનુ મોહંમદયુસુફ પાનારા | સભ્યશ્રી | હાજર |
| (૫) | શ્રી | નગિનભાઈ રતિલાલ મહીડા | સભ્યશ્રી | હાજર |
| (૬) | શ્રી | પ્રકાશભાઈ નટવરલાલ પટેલ | સભ્યશ્રી | હાજર |
| (૭) | શ્રી | નિશાદબાનુ મોહંમદ સોએબ મનસુરી | સભ્યશ્રી | હાજર |
| (૮) | શ્રી | મનિષાબેન મનોજભાઈ વાઘરી | સભ્યશ્રી | હાજર |
| (૯) | શ્રી | યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય | સભ્યશ્રી | હાજર |
| (૧૦) | શ્રી | વસંતલાલ ચીમનલાલ પટેલ | સભ્યશ્રી | હાજર |
| (૧૧) | શ્રી | અંબાબેન જગદીશભાઈ જાદવ | સભ્યશ્રી | હાજર |
| (૧૨) | શ્રી | મનીષાબેન દીપકભાઈ મીસ્ત્રી | સભ્યશ્રી | હાજર |
| (૧૩) | શ્રી | ધર્મેન્દ્રકુમાર તોગાભાઈ ભરવાડ | સભ્યશ્રી | હાજર |
| (૧૪) | શ્રી | પ્રફુલ્લભાઈ મનુભાઈ ચુનારા | સભ્યશ્રી | હાજર |
| (૧૫) | શ્રી | કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતિ | સભ્યશ્રી | હાજર |
| (૧૬) | શ્રી | ભારતીબેન રમેશચંદ્ર રાણા | સભ્યશ્રી | હાજર |
| (૧૭) | શ્રી | કૌશીકભાઈ પ્રભુલાલ રાવ | સભ્યશ્રી | હાજર |
| (૧૮) | શ્રી | શારદાબેન જીતેન્દ્ર રાણા | સભ્યશ્રી | હાજર |
| (૧૯) | શ્રી | મંજુલાબેન કિશોરભાઈ રાણા | સભ્યશ્રી | હાજર |
| (૨૦) | શ્રી | શંકુતલાબેન બાબુભાઈ રાવળ | સભ્યશ્રી | હાજર |

| | | | | |
|---|---|---|---|---|
| (૨૧) | શ્રી | મુકેશભાઈ શંકરભાઈ ભીલ | સભ્યશ્રી | હાજર |
| (૨૨) | શ્રી | વિજયસિંહ ચંદુભાઈ પરમાર | સભ્યશ્રી | હાજર |
| (૨૩) | શ્રી | ઝરીનાબાનુ અબ્દુલહબીબ શેખ | સભ્યશ્રી | હાજર |
| (૨૪) | શ્રી | હંસાબેન કંચનલાલ રાણા(પઠાણ) | સભ્યશ્રી | હાજર |
| (૨૫) | શ્રી | મો.હનીફ અ.જમીલ શેખ | સભ્યશ્રી | હાજર |
| (૨૬) | શ્રી | ઈફતેખારહુસેન મુખ્તાર હુસેન યમની | સભ્યશ્રી | હાજર |
| (૨૭) | શ્રી | શિલ્પાબેન રાજેશભાઈ પટેલ | સભ્યશ્રી | હાજર |
| (૨૮) | શ્રી | ખુશમનભાઈ શાંતીલાલ પટેલ | સભ્યશ્રી | હાજર |
| (૨૯) | શ્રી | ગીતાબેન રાજુભાઈ ચુનારા | સભ્યશ્રી | હાજર |
| (૩૦) | શ્રી | ઈશ્વરભાઈ મોતીભાઈ પરમાર | સભ્યશ્રી | હાજર |
| (૩૧) | શ્રી | દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર | સભ્યશ્રી | હાજર |
| (૩૨) | શ્રી | પિન્કીબેન કેતનકુમાર રાણા | સભ્યશ્રી | હાજર |
| (૩૩) | શ્રી | સુમિત્રાબેન રણછોડભાઈ માછી | સભ્યશ્રી | હાજર |
| (૩૪) | શ્રી | રોહીતભાઈ ઠાકોરલાલ ખારવા | સભ્યશ્રી | હાજર |
| (૩૫) | શ્રી | અશોકભાઈ રતીલાલ ખલાસી | સભ્યશ્રી | હાજર |

નીચે મુજબના સદસ્યશ્રીઓ પ્રમુખશ્રીને રજા રીપોર્ટ આપી ગેરહાજર રહેલ છે.

| | | | | |
|---|---|---|---|---|
| (૧) | શ્રી | મીનાબેન ગોવિંદભાઈ રબારી | સભ્યશ્રી | ગેરહાજર |

હાજરી લીધા બાદ સભાનું કોરમ પુરૂ થયું હોઈ પ્રમુખશ્રી તરફથી તમામ સદસ્યશ્રીઓને આવકારીને સભાનું કામ કાજ શરૂ કર્યુ.

# ખંભાત નગરપાલિકા, ખંભાત
# શોક ઠરાવ
## જનરલ બોર્ડ ઠરાવ નંબર. ૦૭ તારીખ.૨૧–૦૭–૨૦૧૭

આથી ઠરાવ કરવામાં આવે છે કે અમરનાથ યાત્રાના પ્રવાસે ગયેલા ગુજરાતના યાત્રાળુઓ જે આંતકી હુમલો થયેલ અને તેમાં નિર્દોષ યાત્રાળુઓના દુ:ખદ અવસાન થયેલ છે તેમજ દેશના શહીદ થયેલા સૈનિકો અને ખંભાત શહેરના અગ્રગણ્ય અને ગાંધીવાદી પીઢ નેતા એવા સ્વ.શ્રી વિષ્ણુભાઈ ચુનીલાલ બ્રહ્મભટ્ટ જેઓને આજની આ સભા ઘેરા શોકની લાગણી અનુભવે છે. અવસાન પામેલા યાત્રાળુઓના પરિવારજનો એ તેમના સ્નેહીજનો ગુમાવેલ છે તેમજ તેઓની ઉપર આવી પડેલ આફતને ખોટ સહન કરવાની શકિત આપે અને પરમ કૃપાળુ પરમાત્મા તેમના આત્માને ચીર શાંતી અર્પે એ જ અભ્યર્થના.

આજની આ સભા સદગતના આત્માની શાંતિ અર્થે બે મીનીટ મૌન પાળી સદગત ને અંતઃકરણ પુર્વક શ્રધ્ધાંજલી અપર્ણ કરે છે.

"સર્વાનુમતે મંજુર"

સહી. પરીમલબેન બી. શાહ

પ્રમુખ

ખંભાત નગરપાલિકા, ખંભાત

એજન્ડા ક્રમાંક.૧ તારીખ.૨૧–૦૭–૨૦૧૭

તારીખ.૦૩–૦૪–૨૦૧૭ ગત બોર્ડનું પ્રોસીડીંગ મંજુર કરવા બાબત.

## જનરલ બોર્ડ ઠરાવ નંબર.૦૮ તારીખ. ૨૧–૦૭–૨૦૧૭

એજન્ડા ક્રમાંક : ૧ પરત્વેનો પ્રસ્તાવ સદસ્યશ્રી યોગેશકુમાર બી. ઉપાધ્યાય તરફથી અને સદસ્યશ્રી શિલ્પાબેન આર. પટેલ ના ટેકા સાથે નીચે મુજબ રજુ થયો.

તારીખ.૦૩–૦૪–૨૦૧૭ ગત બોર્ડનું પ્રોસીડીંગ મંજુર કરવામાં આવે છે.

ઉપરોકત ઠરાવ ચર્ચામાં મુકાતાં વિપક્ષી સદસ્યશ્રી મો. હનીફ અ. જમીલ શેખ તરફથી ઉપરોકત ઠરાવ બાબતે નીચે મુજબનો વિરોધ સદસ્યશ્રી દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર ના ટેકા સાથે રજુ થઈ.

સદર બાબતે જણાવવાનું કે ન.પા. તરફથી કોંગ્રેસ પક્ષના સભ્યોને કોઈપણ જાતની માહિતી પુરી પાડવામાં આવતી નથી. માંગવામાં આવતા કાગળો પણ આપવામાં આવતા નથી અને ઉધ્ધત જવાબ આપવામાં આવે છે. જે ઠરાવો કરવામાં આવે છે તેની પણ કોઈ વિગત આપવામાં આવતી નથી અને વિરોધ પક્ષના કાઉન્સીલરોને માહિતી પુરી પાડવામાં આવતી નથી આ બાબતે અમો એ વારં વાર રજુઆતો કરી છે. મા. પ્રાંત ઓફીસર, મા.કલેકટર સાહેબ વિ.ને આ બાબતે જાણ કરી છે. આમ છતાં આ બાબતે કંઈજ કાર્યવાહી થતી નથી ચીફ ઓફીસરશ્રી પણ આ બાબતે ઉડાઉ જવાબ આપે છે. જેથી અમો આઈટમ નં.૧ તા.૩–૪–૨૦૧૭ ગત બોર્ડના પ્રોડીસીગ્સ મંજુર કરવાનો વિરોધ કરીએ છીએ.

ઉપરોકત મુળ ઠરાવ સામે ઉપર જણાવેલ સભ્યશ્રીઓ ધ્વારા વિરોધ નોંધાવવામાં આવેલ છે પરતું નગરપાલિકાના મંજુર થયેલા નિયમોના પ્રકરણ ૧નો નિયમ ૩૨ મુજબ મુળ પ્રસ્તાવ સામે સુધારો રજુ થયેલ હોય તો જ તેની ઉપર મતદાન લઈ શકાય તેવી – જોગવાઈ હોવાના કારણે મતદાનની જરૂરીયાત ઉપસ્થીત થતી ન હોઈ મુળ ઠરાવ મંજુર કરવામાં આવે છે.

"મંજુર"

સહી. પરીમલબેન બી. શાહ

પ્રમુખ

ખંભાત નગરપાલિકા, ખંભાત

એજન્ડા ક્રમાંક.૨ તારીખ.૨૧-૦૭-૨૦૧૭

નીચે જણાવેલ કર્મચારીઓ નિવૃત્ત થતાં હોવાથી તેઓને મળવા પાત્ર લાભો આપવા બાબત.

| | | |
|---|---|---|
| (૧) | શ્રી ઠાકોરભાઈ શાંતીલાલ ચુનારા | નિવૃત્ત તારીખ.૩૦-૦૪-૨૦૧૭ |
| (૨) | શ્રી ઠાકોરલાલ રતીલાલ | નિવૃત્ત તારીખ.૩૧-૦૫-૨૦૧૭ |
| (૩) | શ્રી મદનભાઈ શંકરભાઈ હરીજન | નિવૃત્ત તારીખ.૩૦-૦૬-૨૦૧૭ |
| (૪) | શ્રી મોહનભાઈ જીવણભાઈ હરીજન | નિવૃત્ત તારીખ.૩૦-૦૬-૨૦૧૭ |
| (૫) | શ્રી ગોરધનભાઈ પુંજાભાઈ | નિવૃત્ત તારીખ.૩૦-૦૬-૨૦૧૭ |
| (૬) | શ્રી મયુરભાઈ બાબુભાઈ રાવ | નિવૃત્ત તારીખ.૩૦-૦૯-૨૦૧૭ |
| (૭) | શ્રી ડાહયાભાઈ કસ્તુરભાઈ જાદવ | નિવૃત્ત તારીખ.૩૦-૦૯-૨૦૧૭ |
| (૮) | શ્રી મધુબેન દિલીપભાઈ હરીજન | નિવૃત્ત તારીખ.૩૦-૦૯-૨૦૧૭ |
| (૯) | શ્રી દિલીપભાઈ મણીલાલ બ્રહ્મભટ્ટ | નિવૃત્ત તારીખ.૩૧-૧૦-૨૦૧૭ |
| (૧૦) | શ્રી ગંગાબેન ચંપકભાઈ | નિવૃત્ત તારીખ.૩૧-૧૦-૨૦૧૭ |
| (૧૧) | શ્રી રજનીકાંત ધીરૂભાઈ બ્રહ્મભટ્ટ | નિવૃત્ત તારીખ.૩૦-૧૧-૨૦૧૭ |
| (૧૨) | શ્રી રઘુવીર શાંતીલાલ ભટ્ટ | નિવૃત્ત તારીખ.૩૦-૧૧-૨૦૧૭ |

## જનરલ બોર્ડ ઠરાવ નંબર.૦૯ તારીખ. ૨૧-૦૭-૨૦૧૭

એજન્ડા ક્રમાંક : ૨ પરત્વેનો પ્રસ્તાવ સદસ્યશ્રી મંજુલાબેન કે. રાણા તરફથી અને સદસ્યશ્રી પિન્કીબેન કે. રાણા ના ટેકા સાથે નીચે મુજબ રજુ થયો.

નીચે જણાવેલ કર્મચારી નિવૃત/અવસાન થતાં હોવાથી તેઓને ખંભાત નગરપાલિકાના અધિનિયમ ૧૯૬૩ની કલમ ૨૭૧ તળેના મંજુર થયેલાનિયમો પ્રકરણ-૧૮ ના નિયમ ૧, ૨, અને ૪ ના પેટા નિયમો મુજબ પેન્શન, ગ્રેજયુઈટી અને વળતર ભથ્થાના નિયમો મુજબના લાભો નિવૃત્ત / અવસાન બાદના આપવા મંજુર કરવામાં આવે છે. વધુમાં પેન્શન મેળવનાર કર્મચારી પાસે પોતાનું પેઢીનામું તેમજ રજુ કરેલ તમામ પેપર્સ ખરા છે તેવું સ્ટેમ્પ પેપર ઉપર સોગદનામું મેળવી રજુ કર્યા બાદ તમામ પેપર્સ અને ફોર્મ ભરીને - એકઝીકયુટીવ કમીટી સમક્ષ રજુ કર્યા બાદ પેન્શન ચુકવણી કરવાની રહેશે.

| | | |
|---|---|---|
| (૧) | શ્રી ઠાકોરભાઈ શાંતીલાલ ચુનારા | નિવૃત્ત તારીખ.૩૦-૦૪-૨૦૧૭ |
| (૨) | શ્રી ઠાકોરલાલ રતીલાલ | નિવૃત્ત તારીખ.૩૧-૦૫-૨૦૧૭ |
| (૩) | શ્રી મદનભાઈ શંકરભાઈ હરીજન | નિવૃત્ત તારીખ.૩૦-૦૬-૨૦૧૭ |
| (૪) | શ્રી મોહનભાઈ જીવણભાઈ હરીજન | નિવૃત્ત તારીખ.૩૦-૦૬-૨૦૧૭ |

| | | |
|---|---|---|
| (૫) | શ્રી ગોરધનભાઈ પુંજાભાઈ | નિવૃત્ત તારીખ.૩૦–૦૬–૨૦૧૭ |
| (૬) | શ્રી મયુરભાઈ બાબુભાઈ રાવ | નિવૃત્ત તારીખ.૩૦–૦૯–૨૦૧૭ |
| (૭) | શ્રી ડાહયાભાઈ કસ્તુરભાઈ જાદવ | નિવૃત્ત તારીખ.૩૦–૦૯–૨૦૧૭ |
| (૮) | શ્રી મધુબેન દિલીપભાઈ હરીજન | નિવૃત્ત તારીખ.૩૦–૦૯–૨૦૧૭ |
| (૯) | શ્રી દિલીપભાઈ મણીલાલ બ્રહ્મભટ્ટ | નિવૃત્ત તારીખ.૩૧–૧૦–૨૦૧૭ |
| (૧૦) | શ્રી ગંગાબેન ચંપકભાઈ | નિવૃત્ત તારીખ.૩૧–૧૦–૨૦૧૭ |
| (૧૧) | શ્રી રજનીકાંત ધીરૂભાઈ બ્રહ્મભટ્ટ | નિવૃત્ત તારીખ.૩૦–૧૧–૨૦૧૭ |
| (૧૨) | શ્રી રઘુવીર શાંતીલાલ ભટ્ટ | નિવૃત્ત તારીખ.૩૦–૧૧–૨૦૧૭ |

"સર્વાનુમતે મંજુર"

સહી. પરીમલબેન બી. શાહ

પ્રમુખ

ખંભાત નગરપાલિકા, ખંભાત

એજન્ડા ક્રમાંક.૩ તારીખ.૨૧–૦૭–૨૦૧૭

એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૦૧ તારીખ.૧૯–૦૪–૨૦૧૭ થી એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૦૬ તારીખ.૧૧–૦૭–૨૦૧૭ સુધી એજન્ડા નોટીસમાં લેવામાં આવેલ છે પરંતુ શરત ચુકથી એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૦૬ ટાઈપ થયેલ છે તેના બદલે એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૦૭ તારીખ.૧૧–૦૭–૨૦૧૭ સુધીના ઠરાવો મંજુર કરવામાં આવે છે. અને એકઝીકયુટીવ ઠરાવ નં. ૩૯ તા.૧૯/૦૪/૨૦૦૧૭ નો થયેલ છે તેમાં સુધારો મુકવામાં આવે છે કે તેમાં નિયત થયેલ કામો અને વધારામાં યુડીપી–૮૮ સને ૨૦૧૭–૧૮ હેઠળ મળેલ ૩ કરોડની ગ્રાંટ પૈકી ખંભાત નગરપાલિકા વિસ્તારમાં પાણી ની તાકીદની જરૂરીયાત અન્વયે ૧૦ ટયુબવેલ મશીનરી સાથે તાકીદે બનાવવાની જરૂરીયાત હોઈ સદર ગ્રાંટ પૈકી રૂા. ૬૫ લાખ નું આયોજન પણ આ સાથે મંજુર કરવામાં આવે છે.

## જનરલ બોર્ડ ઠરાવ નંબર. ૧૦ તારીખ.૨૧–૦૭–૨૦૧૭

એજન્ડા ક્રમાંક : ૩ પરત્વેનો પ્રસ્તાવ સદસ્યશ્રી પિન્કીબેન કે રાણા તરફથી અને સદસ્યશ્રી યોગેશ ઉપાધ્યાય ના ટેકા સાથે નીચે મુજબ રજુ થયો.

એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૦૧ તારીખ.૧૯–૦૪–૨૦૧૭ થી એકઝી–કયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૦૭ તારીખ.૧૧–૦૭–૨૦૧૭ સુધીના ઠરાવો મંજુર કરવામાં આવે છે અને એકઝીકયુટીવ ઠરાવ નં.૩૯ તારીખ.૧૯–૦૪–૨૦૦૧૭ નો થયેલ છે તેમાં સુધારો મુકવામાં આવે છે કે તેમાં નિયત થયેલ કામો અને વધારામાં યુડીપી–૮૮ સને. ૨૦૧૭–૧૮ હેઠળ મળેલ ૩ કરોડની ગ્રાંટ પૈકી ખંભાત નગરપાલિકા વિસ્તારમાં પાણીની તાકીદની જરૂરીયાત અન્વયે ૧૦ ટયુબવેલ મશીનરી સાથે તાકીદે બનાવવાની જરૂરીયાત – હોઈ સદર ગ્રાંટ પૈકી રૂા. ૬૫ લાખ નું આયોજન પણ આ સાથે મંજુર કરવામાં આવે છે.

ઉપરોકત ઠરાવ ચર્ચામાં મુકાતાં વિપક્ષી સદસ્યશ્રી મો. હનીફ અ. જમીલ શેખ તરફથી ઉપરોકત ઠરાવ બાબતે નીચે મુજબના ઠરાવનો વિરોધ સદસ્યશ્રી દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર ના ટેકા સાથે રજુ થઈ.

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૧</u>

સદર ઠરાવ માદળા તળાવ જુના પુસ્તકાલય તરીકે ઓળખાતી જગ્યાએ શોપીગ સેન્ટર કમ લાયબ્રેરી બનાવવા બાબતનો છે.

સદર બાબતે જણાવવાનું કે સદર જગ્યા નગરપાલિકાને બીન નફાકારક હેતુ માટે પ્રાપ્ત થયેલ છે સદર જગ્યા ન.પા.એ સ્વભંડોળમાંથી પ્રાપ્ત કરેલ નથી આમ સદર જગ્યા સરકારશ્રીના રેકર્ડ મુજબ ડી.૧ સત્તા પ્રકારની છે આથી સદર જગ્યામાં શોપીગ સેન્ટરનું બાંધકામ નિતિ નિયમ વિરૂધ્ધ હોઈ ઉપરોકત ઠરાવનો અમો વિરોધ કરીએ છીએ.

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૪</u>

આ ઠરાવ ભાવપત્રકો મંગાવવા "સંદેશ" તથા "નયા પડકાર" આણંદ આવૃત્તિમાં જાહેરાત પ્રસિધ્ધ કરી તેનો ખર્ચ મંજુર કરવા અંગેનો છે.

આ બાબતે અમો એ વારંવાર આપને જણાવેલ છે કે કોઈપણ જાહેરાત માહીતી ખાતા ધ્વારા આપવામાં આવે અને વારાફરતી પેપરોમાં આ જાહેરાતો પ્રસિધ્ધ કરવી જોઈએ.

આમ છતાં આ બાબતે મનસ્વી કાર્યવાહી થતી હોઈ અમો આ ઠરાવનો વિરોધ કરીએ છીએ.

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૭</u>

આ ઠરાવ ખંભાત શહરમાં આવેલ ઝુપડાઓના નંબરો પાડવા તથા આ ઝંપડાના માલીકો જે ન.પા.ની આવશ્યક સેવાઓ લે છે તેનો ટેક્ષ વસુલ કરવા અંગેનો છે.

આ ઠરાવમાં જે ઝુપડાવાળાઓ છે તેઓ પ્રત્યે વ્હાલા–દવલાની નિતિ અપનાવવામાં આવે છે. ન.પા. ના ચીફ ઓફીસર વાંધા–વચકા કાઢી ઝુંપડાના ગરીબોને ધકકા ખવડાવી હેરાન કરે છે.

તો આ બાબતે જણાવવાનું કે સરકારશ્રીના નિયમો મુજબ કાર્યવાહી કરવી જોઈએ આ બાબતે જે સર્વિસ ચાર્જ લેવાનો છે તે બાબતે પણ કોઈ યોગ્ય ખુલાસો નથી. આવશ્યક – સેવાઓ માટે ન.પા.એ ઝંપડાના માલીકોને સર્વિસ ચાર્જથી માહિતગાર કરવા જોઈએ અને કોઈપણ જાતના ભેદભાવ વિના સૌને સમાનતાથી સાંભળી યોગ્ય કાર્યવાહી કરવી જોઈએ તેવી અમારી લાગણી સાથે તથા સુધારા સાથે આ ઠરાવ મંજુર કરવામાં આવે છે.

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૫</u>

આ ઠરાવ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં નગરપાલિકા તરફે જવાબ રજુ કરવા એડવોકેટ શ્રી ડી.બી.રાણાને રોકવા તથા વકીલાતનું બીલ ચુકવવા ચીફ ઓફીસરને કાર્યવાહી કરવા અધિકૃત કરવા અંગેનો છે.

સદર બાબતે જણાવવાનું કે ન.પા. સરકારશ્રીની ગાઈડ લાઈન પ્રમાણે કામ કરવાને બદલે મનધડત કામ કરે છે ત્યાર બાદ આ બાબતે કેસો થાય છે જેથી ન.પા.ને આર્થિક નુકશાન થાય છે વકીલશ્રી ઓ સાથે અગાઉથી પરામર્શ કરી ફી નકકી કરવી જોઈએ અને ત્યારબાદ તે બાબતે કાર્યવાહી કરવી જોઈએ તેના બદલે બધી જ રીતે મનસ્વી નિર્ણયો લેવામાં આવે છે તે ન.પા.ના હીતમાં નથી જેથી અમો આ ઠરાવનો વિરોધ કરીએ છીએ.

**એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૬**

આ ઠરાવ ચીફ ઓફીસરશ્રી, શ્રી અક્ષયભાઈ શેલત, શ્રી કમલેશભાઈ શાહ અમદાવાદ વકીલ શ્રી ડી.બી.રાણા તથા નડીયાદ લેબર કોર્ટના વકીલશ્રીને મળવા જવા વિસ્ટ્રા ગાડી ભાડે કરીને ગયા તેના ખર્ચ અંગેનો છે.

સદર બાબત વકીલશ્રીઓને મળવા જવા કરેલ ભાડાની ગાડીના ખર્ચ અંગેનો છે.

સદર બાબતે કર્મચારીઓને ગાડી ભાડે કરી આપવાને બદલે જયારે નગરપાલિકાની ગાડી હોય ત્યારે અથવા બસમાં મુસાફરી કરવી જોઈએ આ રીતે ન.પા.ના નાણાંનો વ્યર્થ થાય તે વ્યાજબી નથી. આ રીતે નાણાંનો દુર ઉપયોગ ન કરવો જોઈએ માટે આ ઠરાવનો વિરોધ કરીએ છીએ.

**એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૭**

આ ઠરાવ ન.પા.ના ફાયર વિભાગમાં મીની ફાયર ટેન્ડર ૭૦૬૦માં ગેરથી પી.ટી.ઓ નો જોઈન્ટ અવાજ કરતો હોવાથી "સ્ટાર ઓટો ગેરેજ"માં ચેક કરાવતા તેનો સામાન ખરીદ કરી નાંખવાના માલ સામાન મજુરી ખર્ચ સાથેનો છે.

સદર બાબતે આવુ કામકાજ કરવા માટે ઓછામાં ઓછા ત્રણ ગેરેજ પાસે ચેક કરાવી ભાવ લેવા જોઈએ તેના બદલે એક જ ગેરેજમાં બતાવી જે ખર્ચ કરવાનો થાય છે તે વ્યાજબી અને ન.પા.ના આર્થિક હિતમાં નથી જેથી સદર ઠરાવનો વિરોધ કરીએ છીએ.

**એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૮**

સદર ઠરાવ ફાયર વિભાગમાં બુલેટ ફાઈટર નં.જી.જે.૧૮ જી ૯૬૩૦ ની બેટરીઓ ખલાસ થતાં નવી ખરીદી તેના ખર્ચ અંગેનો છે.

સદર ઠરાવમાં નવી બેટરીનો સ્પષ્ટ ભાવ જણાવેલ નથી જુની બેટરીના કેટલા રૂપીયા બાદ આપવાના છે તે પણ જણાવેલ નથી નિયમ મુજબ ટેન્ડર મંગાવી ખર્ચ કરવો જોઈએ તેમ નહી કરતાં ડાયરેકટ ખરીદી કરી શકાય નહી તે ન.પા.ના નિયમોમાં નથી માટે સદર ઠરાવનો વિરોધ કરીએ છીએ.

**એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૦**

સદર ઠરાવ સેનીટેશન ખાતા માટે સન. ૨૦૧૭–૧૮ ના વર્ષ માટે વપરાતો જુદો જુદો માલ સામાન ખરીદવા અંગે તથા ગટર લાઈન સાફ કરાવ ૨૪ ફુટ લાબા વાંસ ખરીદવા અંગેનો છે જેમાં બે ભાવ પત્રકો આવતા નીમા સેલ્સ વાળાના ભાવો કમી આવતા તે મંજુર કરવા અંગેનો છે.

આ ઠરાવમાં સેનીટેશન ખાતાની કઈ કઈ આઈમો છે તેની કોઈ ચોખવટ નથી અને ફકત બે જ ભાવપત્રકો આવતા તેની તુલના ન થઈ શકે નિયમ મુજબ ઓછામાં ઓછા ત્રણ ભાવ પત્રકો જોઈએ આમ ન થતાં નિયમ મુજબ કાર્યવાહી થયેલ થી તો બીજો પ્રયત્ન કરી

ત્રણ ભાવ પત્રકો આવ્યા બાદ જ ભાવો મંજુર કરવા જોઈએ માટે અમો આ ઠરાવનો વિરોધ કરીએ છીએ.

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૧</u>

સદર ઠરાવ મોબાઈલ ટોયલેટ શ્રી સદગુરૂ ઈન્ડસ્ટ્રીઝ અમદાવાદ વાળાઓના ભાવ મંજુર થતાં તેઓ એ મુકેલ સીકયોરીટી ડીપોઝીટ પણ આપવા અંગેનો છે.

સદર બાબતે મોબાઈલ ટોયલેટનો વ્યવસ્થિત ઉપયોગ થતો નથી તથા તેને ગમે ત્યાં મુકી રાખવામાં આવે છે. સરકારશ્રી ધ્વારા પ્રજાહીતમાં નિર્ણય લઈ ગ્રાંટો ફાળવવામાં આવે છે પરંતુ નગરપાલિકા અને જે તે વિભાગના અધિકારીઓ આ બાબતે પુરતું ધ્યાન આપતા નથી આમ ફકત નાણાંકીય લેવડ દેવડ પ્રત્યે સજાગ રહેવું વ્યાજબી નથી માટે આ ઠરાવનો વિરોધ કરીએ છીએ.

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૨</u>

આ ઠરાવ ૪૦ પેકેટ સ્ટેપલર પીન ખરીદીનો છે. સદર બાબતે જે ભાવો જણાવેલ છે તે વધુ પડતા હોય તેમ છે આવી નાની ચીજ વસ્તુઓ ખંભાતમાં જ મળે છે ત્યારે ખંભાત થી જ ત્રણ ટેન્ડરો મંગાવી ખરીદી કરવી જોઈએ જેથી આ ઠરાવનો વિરોધ કરીએ છીએ.

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૩</u>

આ ઠરાવ લાઈટ ખાતામાં ગ્રાહક ફરીયાદ લેટર છપાવવા અંગેના ખર્ચનો છે.

આ બાબતે લાઈટ ખાતામાં ફરીયાદ લેટરનો વપરાશ છે કે કેમ? આ બાબતથી કાઉન્સીલરશ્રીઓ પણ અજાણ છે ત્યારે ન.પા.માં આવો ખર્ચ કરવો તે ન.પા.ના હિતમાં નથી માટે આ ઠરાવનો વિરોધ કરીએ છીએ.

વિરોધ કરીએ છીએ.

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૪</u>

આ ઠરાવ નગરપાલિકાના જુદા જુદા ખાતા માટે ૨૦૧૬–૧૭ના વર્ષ માટે જરૂરી માલ સામાન સપ્લાય કરવા ભાવ મંગાવેલ જેમાં ૨૦૧૭–૧૮ના વર્ષ માટે મંગાવેલ ભાવ પત્રકો આવેલ નથી જેથી નવા ભાવ પત્રકો મંજુર થાય ત્યાં સુધી ૨૦૧૬–૧૭ના વર્ષ માટે મંજુર થયેલ એજન્સીઓ પાસેથી માલ સામાન ખરીદવા અંગે મંજુરી કરતો ઠરાવ છે.

સદર બાબતે ઠરાવમાં કોઈ જ ચોખવટ કે સ્પષ્ટતા નથી. ન.પા. ધ્વારા ભાવ પત્રકો મંગાવવામાં આવતા હોવા છતાં શા માટે વેપારીઓ ભાવ આપતા નથી તે વિચારવું જોઈએ અને આમ આ બાબતી કાર્યવાહી વહેલી અને અગાઉથી કરવી જોઈએ. આમ ભાવો નહી આવતાં જુના વેપારીઓ પાસેથી કયા ભાવે માલ સામાન આપવાનો કોઈ ઉલ્લેખ નથી માટે અમો આ ઠરાવનો વિરોધ કરીએ છીએ.

એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૦૧ તારીખ.૧૯–૦૪–૨૦૧૭ થી એકઝીકયુટીવ

કમીટી ઠરાવ નંબર.૧૦૭ તારીખ.૧૧–૦૭–૨૦૧૭ સુધીના ઠરાવો મંજુર કરવામાં આવે છે.

ઉપરોકત ઠરાવ ચર્ચામાં મુકાતાં વિપક્ષી સદસ્યશ્રી ખુશમનભાઈ શાંતીલાલ પટેલ તરફથી ઉપરોકત ઠરાવ બાબતે નીચે મુજબના ઠરાવનો વિરોધ સદસ્યશ્રી ઈશ્વરભાઈ – મોતીભાઈ પરમાર ના ટેકા સાથે રજુ થઈ.

એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૫

આ ઠરાવ ન.પા.ના કામે બહારગામ જવા માટે ભાડેથી વાહનો મેળવવાનો છે જેમાં બે તારીખોએ જા × ખ આપવા છતાં ફકત એક જ ભાવ પત્રક નૈયર ટ્રાવેલ્સનું આવેલ છે ઠરાવમાં મંજુર કે નામંજુર કર્યુ તે મોધમ રાખેલ છે.

સદર બાબતે જણાવવાનું કે ન.પા. તમામ બાબતોમાં નિયમ નેવે મુકી દે છે નિયમ મુજબ ઓછામાં ઓછા ત્રણ ટેન્ડરો તો આવવા જ જોઈએ તો જ ભાવની સરખામણી કરી તે બાબતની મંજુરીનો ઠરાવ થવો જોઈએ પરંતુ આમ થતું નથી.

સદર બાબતે ન.પા.એ ફરી એક વાર અન્ય પેપરોમાં જા × ખ આપી પ્રયત્ન કરવો જોઈએ અને ત્યાર બાદ જ આ બાબતનો નિર્ણય લેવો જોઈએ આમ નહી થવાથી આ ઠરાવ નો વિરોધ કરીએ છે.

એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૬

આ ઠરાવ વોટર વર્કસ ખાતામાં પાણીના શુધ્ધિકરણ માટે વપરાતા માલ સામાન ખરીદવા ૨૦૧૭–૧૮ માટે એજન્સી નીમવા તેના ભાવો મંજુર કરવા અંગેનો છે.

સદર બાબતે અગાઉ જણાવેલ તે પ્રમાણે કોઈપણ ખરીદી માટે ઓછામાં ઓછા ત્રણ ભાવ પત્રકો તો હોવા જોઈએ ફકત બે ભાવ પત્રકો આવ્યાથી તેનો નિર્ણય લઈ શકાય નહી જયારે આટલી મોટી રકમની ખરીદી કરવાની હોઈ ન.પા.ના હીત ખાતર પધ્ધતિસર પુરતા ભાવો આવ્યા બાદ જ નિર્ણય લેવો જોઈએ ન.પા.માં લગભગ મોટા ભાગના કિસ્સામાં – પુરતા ભાવ પત્રકો આપતા નથી તેમ શાહ માટે? તે વિચારવું જોઈએ જેથી નિયમસર– કાર્યવાહી થયેલ ન હોઈ અમો આ ઠરાવનો વિરોધ કરીએ છીએ.

એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૯

આ ઠરાવ શહેરમાં આવેલ સ્ટ્રીટ લાઈટો રીપેરીગ કરવા માટે જરૂરી ઈલે. માલ – સામાન વાર્ષિક ભાવો બે જ એજન્સીઓના આવતા અને બરબરાવાળા ઈલેકટ્રીક ખંભાત ભાવ મંજુર કરવા અંગેનો છે.

સદર ઠરાવ બાબતે જણાવવાનું કે ન.પા. સરકારશ્રી તથા ન.પા. અધિનિયમનું પણ પાલન કરતી નથી. ઓછામાં ઓછા ત્રણ વેપારીઓના ભાવ પત્રકો હોવા જ જોઈએ. જયારે મોટી ખરીદી હોય ત્યારે ન.પા.ના હીતમાં કામ કરવું જોઈએ. હાલમાં ઈલકેટ્રીક ખાતામાં

તકલાદી માલ સામાન વાપરવામાં આવે છે અને પ્રજાની રોજે રોજની ફરીયાદો હોય છે. જેથી લાઈટ ખાતા જેવા અગત્યના ખાતા માટે વાર્ષિક ભાવો મંજુર કરવાના હોય તો નિયમ મુજબ ઓછામાં ઓછા ત્રણ ટેન્ડરો આવ્યા બાદ જ નિર્ણય લેવો જોઈએ આમ થયેલ નથી માટે અમો આ ઠરાવનો વિરોધ કરીએ છીએ.

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૩૧</u>

આ ઠરાવ ૧૬૫ સફાઈ કામદારો રોજીંદા પગારથી રાખવા અંગેનો છે.

સદર ઠરાવ બાબતે નગરપાલિકામાં જુદા જુદા વિભાગોમાં દૈનિક વેતનથી કામદારોને રાખવામાં આવે છે. આ તમામ કામદારો ન.પા.ની મનસુફીથી રખાય છે આ બાબતે નગર– પાલિકા નિયામકશ્રીની ગાઈડ લાઈન અને માર્ગદર્શન લેવું જોઈએ અને વારંવાર ત્રણ માસ માટે દૈનીક વેતનથી કામદારો રાખવામાં આવે છે જેથી કામની પણ કોઈની જવાબદારી રહેતી નથી. જેથી નિયામકશ્રીની મંજુરી લીધા બાદ ઉચ્ચક પગારથી કામદારો રાખવા જોઈએ તેમ કરવામાં નહી આવતાં અમો સદર ઠરાવનો વિરોધ કરીએ છીએ.

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૩૬</u>

સદર ઠરાવ ન.પા.ના જુદા જુદા વિભાગમાં પેરા નં. ૧ થી ૧૭માં જણાવ્યા મુજબ માસિક ઉચ્ચક પગારથી કામે રાખવા અંગેનો છે.

આ બાબતે અગાઉ પણ અમો એ જણાવેલ છે કે કોઈપણ કર્મચારીને ઉચ્ચક માસીક કે દૈનીક વેતનથી ત્રણ માસ માટે રાખવામાં આવતા પહેલા ન.પા. નિયામકશ્રીની મંજુરી લેવી જોઈએ ન.પા. આ બાબતે સ્વતંત્ર નિર્ણય લઈ ન.પા.માં જુદા જુદા ખાતામાં કામે રાખતા હોઈ તે વ્યાજબી નથી માટે અમો સદર ઠરાવનો વિરોધ કરીએ છીએ.

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૩૭</u>

સદર ઠરાવમાં રોજંદારી તથા માસીક વેતનથી કામ કરવા કર્મચારીઓનો પગાર વધારવા અંગેનો છે.

સદર બાબતે અગાઉ જણાવ્યાનુસાર ન.પા. નિયામકશ્રીની મંજુરી બાદ જ આવો વધારો કરવો જોઈએ. ન.પા.ના આર્થીક હીત માટે એક તરફ રોજંદારી તથા માસિક વેતનથી કામદારો રાખવામાં આવે છે અને બીજી તરફ મનમાની રીતે પગાર વધારો કરવામાં આવે છે તે ન.પા.ના આર્થિક હિતમાં ન હોઈ આ ઠરાવનો વિરોધ કરીએ છીએ.

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૩૮</u>

આ ઠરાવ ૧૦ ફાજલ પડેલ સમાજ સંગઠકોને રૂા. ૪૦૦૦/– ઉચ્ચક પગારથી ૧૧ માસના કરાર આધારીત એટલે કે તા.૧–૫–૨૦૧૭ થી ૩૧–૩–૨૦૧૮ સુધી રાખવા અંગેનો છે.

આ ઠરાવમાં આ સમાજ સંગઠકો કોણ છે? તેની કોઈ યાદી નથી. તેમની કામગીરી

શું છે? તે કયા વિસ્તારમાં કામગીરી બતાવવાના છે? વિગેરે કોઈ માહીતી નથી ફકત – કામગીરી મંદ પડી ગઈ હોવાના બહાના તળે ન.પા.ને આર્થિક બોજા હેઠળ નાંખવી તે વ્યાજબી નથી માટે સદર ઠરાવનો વિરોધ કરીએ છીએ.

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૪૪</u>

આ ઠરાવ મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત વિશ્વ પર્યાવરણ દિવસ ઉજવવાનો હોઈ સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ સુકો અને ભીનો કચરો અલગથી એકત્ર કરવાની કામગીરી કરવા વાદળી તથા લીલા રંગના ડસ્ટ બીન ઘર દીઠ બે આપવા માટે ડસ્ટ બીન નં. ૧ રૂા.૬૦/– ના ભાવે ૨૦૦ નંગ એટલે કે રૂા.૧૨૦૦૦/– પુરા મંજુર કરવા અંગેનો છે.

સદર ઠરાવમાં જણાવ્યાનુસાર ઘર દીઠ બે ડસ્ટ બીન આપવા સરકારશ્રીએ ગાઈડ લાઈન આપી છે અહી ફકત ૨૦૦ નંગ ડસ્ટ બીન ખરીદેલ છે તે કોને આપ્યા? ઘર દીઠ આપેલા છે કે શું? ખંભાતમાં બાકી રહેલ ઘરો એ ડસ્ટ બીન કયારે આપવાના છે આમ વ્હાલા દવલાની નિતી અનુસાર ડસ્ટ બીન આપવામાં આવ્યા છે જેથી નગરના અન્ય ઘરોમાં આ ડસ્ટ બીન મલ્યા નથી આ ડસ્ટ બીન કોને કોને આપ્યા તેની યાદી પણ નથી આ બાબતે ચીફ ઓફીસરશ્રીએ પણ કોઈ વ્યવસ્થિત જવાબ આપેલ નથી માટે સદર ઠરાવનો વિરોધ કરીએ છીએ.

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૪૬</u>

આ ઠરાવમાં હાઈકોર્ટમાં ન.પા. સામે થયેલ પીટીશનમાં ન.પા. તરફે જવાબ રજુ કરવા એડવોકેટ શ્રી ડી.બી.રાણા ને રોકવા તથા ન.પા. ધ્વારા વકીલાત ફીનું બીલ ચુકવવા અંગેનો છે.

આ ઠરાવમાં પણ અગાઉ જણાવ્યાનુસાર ફી ની રકમની કોઈ ચોખવટ નથી જેથી વકીલ રોકતી વખતે તેમની સાથે ફી નકકી કરવી જોઈએ અને ત્યાર બાદ આ ઠરાવ લાવવો જોઈએ ન.પા.ના આર્થિક હિતમાં આવો મનઘડક અને મોઘમ ઠરાવ થઈ શકે નહી માટે અમો ઠરાવનો વિરોધ કરીએ છીએ.

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૪૭</u>

આ ઠરાવ સીવીલ કોર્ટમાં ચાલતા કેસ બાબતે રજુ થયેલ પેપર્સની નકલ મેળવવા કોર્ટમાં રૂા. ૪૭૭૭/– જમા કરવા અંગેનો છે.

સદર ઠરાવમાં કેસની કોઈ ચોખવટ નથી કોનો કેસ? કેટલી કોપીઓ ? વિ. કોઈ ખુલાસો નથી ફકત રૂપીયા ચુકવવા માટેનો જ આ ઠરાવ છે. કોઈ વિગત નહી હોવાને કારણે અમો સદર ઠરાવનો વિરોધ કરીએ છીએ.

એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૦૧ તારીખ.૧૯–૦૪–૨૦૧૭ થી એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૦૭ તારીખ.૧૧–૦૭–૨૦૧૭ સુધીના ઠરાવો મંજુર કરવામાં

આવે છે.

ઉપરોકત ઠરાવ ચર્ચામાં મુકાતાં વિપક્ષી સદસ્યશ્રી ભારતીબેન આર. રાણા તરફથી ઉપરોકત ઠરાવ બાબતે નીચે મુજબના ઠરાવનો વિરોધ સદસ્યશ્રી દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર ના ટેકા સાથે રજુ થઈ.

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૪૮</u>

આ ઠરાવ ચીફ ઓફીસરને આણંદ વીડીયો કોન્ફરન્સમાં જવાનું હોવાથી નૈયર ટ્રાવેલ્સ વાળાની વિસ્ટ્રા ગાડી ભાડે કરી લઈ ગયેલ તેમાં ભાડાના રૂપીયા ચુકવવા બાબતનો છે.

સદર ઠરાવમાં ચીફ ઓફીસરને આણંદ કેટલા કલાકે જવાનું હતું જેઓ વિદ્યાનગર મુકામે રહેતા હોઈ ત્યાં પરત જવાનું હોવાથી તેઓ ગાડી ભાડે કરી ખંભાતથી કેટલા સમયે નીકળેલ કે કોન્ફરન્સ કેટલા કલાકે હતી તેની કોઈ ખુલાસો નથી જેથી સદર ઠરાવનો અમો વિરોધ કરીએ છીએ.

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૬૬</u>

આ ઠરાવમાં લાઈટ વિભાગની લીડરવાન ગાડી છોટા હાથી બંધ થઈ ગયેલ જે ગાડી ફોરમેન સહારા ઓટોમોબાઈલ્સ વર્કસવાળા પાસે રીપેરીગ કરવાનો એસ્ટીમેટ માંગતા – તેઓ ગાડીનું એન્જીન ચેક કર્યા બાદ રૂા.૧૯૦૦૦/– નું એસ્ટીમેટ આપેલ છે તે મંજુર કરવા અંગેનો છે.

સદર બાબતે જણાવવાનું કે આ છોટા હાથી રીપેર કરવા અન્ય ફોરમેન પાસે – એસ્ટીમેટ લીધુ છે કે કેમ? ફકત સેનીટેશન ખાતાની ગાડીઓ રીપેર કરે છે તેની પાસે જ શા માટે ગાડી રીપેર કરાવવી પડે. સદર ગાડી માટે આટલો મોટો ખર્ચ અજુગતો લાગે છે જેથી સદર ગાડી અન્ય ફોરમેનને બતાવી તેનું એસ્ટીમેટ લીધા બાદ જ કામ કરાવવું જોઈએ ફકત એક જ એજન્સીને ગાડી બતાવી રીપેર કરાવી શકાય નહી માટે સદર ઠરાવનો વિરોધ કરીએ છીએ.

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૭૭</u>

ખંભાતની માદળા તળાવની દક્ષીણે આવેલ દિલ ખુશ બાગ તરીકે ઓળખાતી સીટી સર્વે નં.૩/૩૨૪૪ વાળી મીલકત ખંભાત ન.પા.એ માસીક ૩૨૫ લેખેથી ભાડે રાખેલ છે સદર ભાડાની એડવાન્સ રકમ રૂા.૩૯૦૦/– ચુકવી આપવા અંગેનો આ ઠરાવ છે.

સદર ઠરાવ બાબતે સદર મીલકત હાલ તકરારી છે અને ખંભાત સીવીલ કોર્ટમાં કેસ નંબર. ૩૯/૨૦૧૬ થી દાવો ચાલતો હોઈ માન.મેજીસ્ટ્રેટ સાહેબે આ કેસમાં મનાઈ પણ આપેલછે ત્યારે જયારે આ મીલકત બાબતની મેટર સબજયુડીશ હોઈ હાલ આ ભાડાના નાણાં ચુકવી શકાય કે કેમ ? આ બાબતે દાવાનો નિકાલ થયા બાદ જ આ નાણાં ચુકવવા જોઈએ જેથી સદર ઠરાવનો અમો વિરોધ કરીએ છીએ.

એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૮૭

આ ઠરાવ ચીફ ઓફીસરને આણંદ જવાનું હોવાથી નૈયર ટ્રાવેલ્સ વાળાની વિસ્ટ્રા ગાડી લઈ ગયેલ તેના ભાડાના રૂપીયા ચુકવવા અંગેનો છે.

સદર બાબતે અગાઉ જણાવ્યા મુજબ આણંદ જવા માટે વારંવાર ભાડાની ગાડીઓ કરવી એ ન.પા.ના હીતમાં નથી આમ ભાડુ ચુકવવા બાબતના આ ઠરાવનો અમો વિરોધ કરીએ છીએ.

એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૮૮

આ ઠરાવ ચીફ ઓફીસરને શાળા મહોત્સવમાં આણંદ જવાનું હોવાથી નૈયર ટ્રાવેલ્સ વાળાની વિસ્ટ્રા ગાડી લઈ ગયેલ તેના ભાડાના રૂપીયા ચુકવવા અંગેનો છે.

સદર બાબતે અગાઉ જણાવ્યા મુજબ આણંદ જવા માટે વારંવાર ભાડાની ગાડીઓ કરવી એ ન.પા.ના હીતમાં નથી જેથી સદર ઠરાવનો વિરોધ કરીએ છીએ.

એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૯૨

સદર ઠરાવ વોટર વર્કસ વિભાગમાં જુદી જુદી પંપીગ મશીનરી રીપેરીગ કરવા મંજુર થયેલ વાર્ષિક ભાવ મુજબ નિયુકત એજન્સીઓ પાસે કામગીરી કરાવેલ છે જેમાં આઈટમ નં. ૧ થી ૬ ના રૂા.૧,૬૫,૯૩૦/– મંજુર કરવા અંગેનો છે.

સદર ઠરાવ બાબતે વોટર વર્કસમાં રણમુકતેશ્વર, નારેશ્વર પર ત્રણ મોટર પંપ એકી સાથે રીપેર કરવાના થાય તે માન્યામાં આવે તેમ નથી તથા કનેવાલ વો.વ.પર ચાલતો ૧૨૫ એચ.પી. ટરબાઈન મોટર રીપેરીગ તથા અન્ય કામો કરવાના ખર્ચના નાણાં મંજુર કરવા અંગેનો છે પરંતુ આવા ખર્ચા કરવા છતાંય ખંભાત શહેરને મીઠું પાણી મળતુ નથી જેને કારણે સદર ઠરાવનો અમો વિરોધ કરીએ છીએ.

એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૦૧ તારીખ.૧૯–૦૪–૨૦૧૭ થી એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૦૭ તારીખ.૧૧–૦૭–૨૦૧૭ સુધીના ઠરાવો મંજુર કરવામાં આવે છે.

ઉપરોકત ઠરાવ ચર્ચામાં મુકાતાં વિપક્ષી સદસ્યશ્રી પ્રફુલ્લકુમાર એમ. ચુનારા તરફથી ઉપરોકત ઠરાવ બાબતે નીચે મુજબના ઠરાવનો વિરોધ સદસ્યશ્રી દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર ના ટેકા સાથે રજુ થઈ.

એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૯૩

સદર ઠરાવ કનેવાલ તળાવથી નારેશ્વર તળાવ પર આવતી ૫૦૦ મી.મી.ડાયાની ડી.આઈ.પાઈપ લાઈન ગોરાડ ચોકડી આગળ લીકેજ થાય છે સદર લીકેજ રીપેર કરવા બાબતે આ કામો માટે ભાવો મંગાવતા સૌથી ઓછા પ્રો. દિનેશભાઈ વાલજીભાઈ મકવાણા ના ભાવો મંજુર કરવા અંગેનો ઠરાવ છે.

સદર ઠરાવ બાબતે વોટર વર્કસ ધ્વારા વારંવાર ખર્ચ કરાતો હોવા છતાં પ્રજાની પાણીની મુશ્કેલી ઓછી થતી નથી લીકેજ માટે રૂા.૧૮,૦૦૦/– નો ખર્ચ કરવા છતાં પણ પરિસ્થિતિમાં ફેર પડશે કે કેમ? પ્રજાને સગવડ મળતી હોય તો જ ન.પા.ના નાણાં ખર્ચવા જોઈએ. ન.પા.ની આર્થીક પરિસ્થિતિ જોતા આ બાબતે યોગ્ય નિર્ણય કર્યા બાદ જ કામ કરાવવું જોઈએ. આમ થતું નથી માટે અમો સદર ઠરાવનો વિરોધ કરીએ છીએ.

એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૯૬

સદર ઠરાવ કનેવાલથી ખંભાત આવતી ૫૦૦ મી.મી.ડાયાની પાણીની લાઈન લીકેજ થવાથી સદર પાણીની લાઈન મરામત કરવાની હોવાથી પાઈપ તાત્કાલીક ખરીદી રૂા.૧૩૨૫૦/– ખર્ચ મંજુર કરવા અંગેનો છે.

સદર બાબતે ઠરાવ નં.૯૩ માં આજ કામ માટે નાણાં ખર્ચ કરેલ છે જયારે ઠરાવ નં. ૯૬ માં પણ પાઈપ ખરીદીનો ખર્ચ બતાવેલ છે. ઠરાવ નં.૯૩ માં જે તે પાર્ટીને માલ સામાન સાથે કામ કરવા માટેના ભાવો મંજુર કરવાનો છે. આ બંને ઠરાવો એક બીજાની ચાડી ખાય છે તો તેમાં સત્ય શું છે? આવા ખર્ચ ન.પા.ને કઈ રીતે પોષાય ? આ બાબતનો વિગતવાર કોઈ ખુલાસો ઠરાવમાં ન હોઈ આ ઠરાવનો અમો વિરોધ કરીએ છીએ.

એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૦૦

આ ઠરાવમાં પેરા નં. ૧ થી ૧૪ માં જણાવેલ કામદારોને ત્રણ માસ માટે ઉચ્ચક માસિક પગાર તથા ઉચ્ચક દૈનિક પગારથી રાખવા માટેનો છે.

સદર બાબતે અગાઉ પણ અમો એ જણાવેલ છે કે કોઈપણ કર્મચારીને ઉચ્ચક માસીક કે દૈનીક વેતનથી ત્રણ માસ માટે રાખવામાં આપવાનો ઠરાવ કરતાં પહેલા ન.પા. નિયામક શ્રી ની મંજુર લેવી જોઈએ ન.પા. આ બાબતે સ્વતંત્ર નિર્ણય લઈ ન.પા.માં જુદા જુદા ખાતામાં કામે રાખતા હોઈ તે વ્યાજબી નથી માટે અમો સદર ઠરાવનો વિરોધ કરીએ છીએ.

એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૦૧

આ ઠરાવમાં સેનીટેશન વિભાગમાં ઘણા સમયથી સફાઈ કામદારોની ઘટ ચાલતી હોય તે ઘટની ભરપાઈ કરવા તથા અન્ય કામગીરી માટે ૧૬૫ કામદારોને દૈનિક રૂા.૨૧૪–૫૦ પૈસાથી રાખવા અંગેનો છે.

સદર બાબતે આટલો મોટો સ્ટાફ દૈનિક પગારથી કયાં ધારા ધોરણ મુજબ રાખવામાં આવે છે ન.પા. નિયામકશ્રીને જાણ કરી તેની મંજુરી લીધા બાદ જ દૈનિક રોજંદારી થી કામદારોને રાખવામાં નહી આવતા અમો આ ઠરાવનો વિરોધ કરીએ છીએ.

એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૦૪

આ ઠરાવ ખંભાત ન.પા.વિસ્તારમાં સ્વર્ણિમ જયંતી મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત કામો પુર્ણ થતા બચત હોય રકમની દરખાસ્ત જીલ્લા શહેરી વિકાસ એજન્સી (ડુડા)

માં સાદર કરેલ. જેમાં રૂા.૧,૧૧,૪૦,૫૦૦/– જુદી જુદી બચત રકમના કામો માટે મંજુરી મળેલ આ બાબતે ભાવ મંગાવવા તથા જાહેરાત આપવા અંગેનો છે.

સદર ઠરાવમાં જણાવેલ હકીકતો અમોને જોવા કે જાણવા મળેલ નથી જે કામો મુકવાના છે તે પણ અમોને બતાવેલ નથી તો આ બાબતની પુર્ણ માહીતી અમોને પુરી પાડવાની શરતે ઠરાવ મંજુર કરવામાં આવે છે.

ઉપરોકત મુળ ઠરાવ સામે ઉપર જણાવેલ સભ્યશ્રીઓ ધ્વારા વિરોધ નોંધાવવામાં આવેલ છે પરતું નગરપાલિકાના મંજુર થયેલા નિયમોના પ્રકરણ ૧નો નિયમ ૩૨ મુજબ મુળ પ્રસ્તાવ સામે સુધારો રજુ થયેલ હોય તો જ તેની ઉપર મતદાન લઈ શકાય તેવી – જોગવાઈ હોવાના કારણે મતદાનની જરૂરીયાત ઉપસ્થીત થતી ન હોઈ મુળ ઠરાવ મંજુર કરવામાં આવે છે.

"મંજુર"

સહી. પરીમલબેન બી. શાહ
પ્રમુખ
ખંભાત નગરપાલિકા, ખંભાત

એજન્ડા ક્રમાંક.૪ તારીખ.૨૧–૦૭–૨૦૧૭

વોટર વર્કસ કમીટી ઠરાવ નંબર. ૦૧ તારીખ. ૦૫–૦૬–૨૦૧૭ સુધીના ઠરાવો મંજુર કરવા બાબત

જનરલ બોર્ડ ઠરાવ નંબર. ૧૧ તારીખ.૨૧–૦૭–૨૦૧૭

એજન્ડા ક્રમાંક : ૪ પરત્વેનો પ્રસ્તાવ સદસ્યશ્રી વસંતભાઈ સી. પટેલ તરફથી અને સદસ્યશ્રી શારદાબેન જે. રાણા ના ટેકા સાથે નીચે મુજબ રજુ થયો.

વોટર વર્કસ કમીટી ઠરાવ નંબર. ૦૧ તારીખ. ૦૫–૦૬–૨૦૧૭ સુધીના ઠરાવો મંજુર કરવામાં આવે છે.

"સર્વાનુમતે મંજુર"

સહી. પરીમલબેન બી. શાહ
પ્રમુખ
ખંભાત નગરપાલિકા, ખંભાત

એજન્ડા ક્રમાંક.૫ તારીખ.૨૧–૦૭–૨૦૧૭

ખંભાત વિસ્તાર વિકાસ સત્તા મંડળ કમીટી ઠરાવ નંબર.૩૧ તારીખ.૩૧–૦૩–૨૦૧૭ સુધીના ઠરાવો મંજુર કરવા બાબત

જનરલ બોર્ડ ઠરાવ નંબર. ૧૨ તારીખ.૨૧–૦૭–૨૦૧૭

એજન્ડા ક્રમાંક : ૫ પરત્વેનો પ્રસ્તાવ સદસ્યશ્રી પ્રકાશભાઈ એન. પટેલ તરફથી અને સદસ્યશ્રી વસંતભાઈ સી. પટેલ ના ટેકા સાથે નીચે મુજબ રજુ થયો.

ખંભાત વિસ્તાર વિકાસ સત્તા મંડળ કમીટી ઠરાવ નંબર.૩૧ તારીખ.૩૧–૦૩–૨૦૧૭ સુધીના ઠરાવો મંજુર કરવામાં આવે છે.

"સર્વાનુમતે મંજુર"

સહી. પરીમલબેન બી. શાહ

પ્રમુખ

ખંભાત નગરપાલિકા, ખંભાત

એજન્ડા ક્રમાંક.૬ તારીખ.૨૧–૦૭–૨૦૧૭

ગુજરાત મ્યુની. એકટ ૧૯૬૩ ની કલમ ૭૬(૨) પેરા નંબર. ૨ મુજબ ખંભાત નગરપાલિકાના તારીખ. ૦૧–૦૪–૨૦૧૭ થી તારીખ.૩૦–૦૬–૨૦૧૭ સુધીના ત્રિમાસીક હિસાબો મંજુર કરવા બાબત.

જનરલ બોર્ડ ઠરાવ નંબર. ૧૩ તારીખ.૨૧–૦૭–૨૦૧૭

એજન્ડા ક્રમાંક : ૬ પરત્વેનો પ્રસ્તાવ સદસ્યશ્રી યોગેશકુમાર બી. ઉપાધ્યાય તરફથી અને સદસ્યશ્રી રોહીતભાઈ ટી. ખારવા ના ટેકા સાથે નીચે મુજબ રજુ થયો.

ગુજરાત મ્યુની. એકટ ૧૯૬૩ ની કલમ ૭૬(૨) પેરા નંબર. ૨ મુજબ ખંભાત નગરપાલિકાના તારીખ. ૦૧–૦૪–૨૦૧૭ થી તારીખ. ૩૦–૦૬–૨૦૧૭ સુધીના ત્રિમાસીક હિસાબો મંજુર કરવામાં આવે છે.

એપ્રિલ – ૨૦૧૭ થી જુન – ૨૦૧૭ સુધીના હિસાબો

| ક્રમ | વિગત | રકમ |
|---|---|---|
| ૧ | તા.૦૧–૦૪–૨૦૧૭ની ઉઘડતી સિલક | ૧૧૭૦૦૭૨૪૬.૩૩ |
| ૨ | તા.૦૧–૦૪–૨૦૧૭ થી ૩૦–૦૬--૨૦૧૭ સુધીની કુલ આવક | ૩૫૧૩૬૫૦૧.૦૦ |
| ૩ | તા.૦૧–૦૪–૨૦૧૭ થી ૩૦–૦૬–૨૦૧૭ સુધીની કુલ જાવક | ૬૫૪૩૬૩૬૩.૦૦ |
| ૪ | તા.૩૦–૦૬–૨૦૧૭ ની બંધ સિલક | ૮૬૭૦૭૩૮૪.૩૩ |

ઉપરોકત ઠરાવ ચર્ચામાં મુકાતાં વિપક્ષી સદસ્યશ્રી પ્રફુલ્લભાઈ એમ. ચુનારા તરફથી ઉપરોકત ઠરાવ બાબતે નીચે મુજબના ઠરાવનો વિરોધ સદસ્યશ્રી દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર ના ટેકા સાથે રજુ થઈ.

સદર ઠરાવ ગુજરાત મ્યુની. એકટ ૧૯૬૩ની કલમ ૭૬(૨) માં પેરા નં. ૨ મુજબ ખંભાત ન.પા.ના તા.૧–૪–૨૦૧૭થી તા.૩૦–૬–૨૦૧૭ સુધીના હિસાબો મંજુર કરવા બાબતનો છે.

સદર ઠરાવ બાબતે જણાવવાનું કે ન.પા. ધ્વારા જે જો હુકમી ચાલી રહેલ છે તેનો અમો વિરોધ કરીએ છીએ ન.પા.ના કાઉન્સીલરોને તેમના હકકમાં આવતા ન.પા.વહીવટના કોઈપણ કાગળો માંગવામાં આવે છે તે આપવામાં આવતા નથી કામગીરીની કોઈ વિગતો આપવામાં આવતા નથી સમગ્ર તંત્ર બિન લોકશાહી પધ્ધતિથી ચાલી રહેલ છે જેને કારણે અમોને આ ત્રિમાસીક હિસાબો મંજુર નથી તેનો અમો વિરોધ કરીએ છીએ.

ઉપરોકત મુળ ઠરાવ સામે ઉપર જણાવેલ સભ્યશ્રીઓ ધ્વારા વિરોધ નોંધાવવામાં આવેલ છે પરતું નગરપાલિકાના મંજુર થયેલા નિયમોના પ્રકરણ ૧નો નિયમ ૩ર મુજબ મુળ પ્રસ્તાવ સામે સુધારો રજુ થયેલ હોય તો જ તેની ઉપર મતદાન લઈ શકાય તેવી – જોગવાઈ હોવાના કારણે મતદાનની જરૂરીયાત ઉપસ્થીત થતી ન હોઈ મુળ ઠરાવ મંજુર કરવામાં આવે છે.

"મંજુર"

સહી. પરીમલબેન બી. શાહ
પ્રમુખ
ખંભાત નગરપાલિકા, ખંભાત

એજન્ડા ક્રમાંક.૭ તારીખ.૨૧–૦૭–૨૦૧૭

ગુજરાત મ્યુની. એકટ ૧૯૬૩ ની કલમ ૭૬(૨) પેરા નંબર. ૨ મુજબ ખંભાત નગરપાલિકાના તારીખ. ૦૧–૦૪–૨૦૧૬ થી તારીખ.૩૧–૦૩–૨૦૧૭ સુધીના વાર્ષિક હિસાબો મંજુર કરવા બાબત.

જનરલ બોર્ડ ઠરાવ નંબર. ૧૪ તારીખ.૨૧–૦૭–૨૦૧૭

એજન્ડા ક્રમાંક : ૭ પરત્વેનો પ્રસ્તાવ સદસ્યશ્રી શિલ્પાબેન આર. પટેલ તરફથી અને સદસ્યશ્રી મંજુલાબેન કે. રાણા ના ટેકા સાથે નીચે મુજબ રજુ થયો.

ગુજરાત મ્યુની. એકટ ૧૯૬૩ ની કલમ ૭૬(૨) પેરા નંબર. ૨ મુજબ ખંભાત નગરપાલિકાના તારીખ. ૦૧–૦૪–૨૦૧૬ થી તારીખ.૩૧–૦૩–૨૦૧૭ સુધીના વાર્ષિક હિસાબો મંજુર કરવામાં આવે છે.

એપ્રિલ –૨૦૧૬ થી માર્ચ – ૨૦૧૭ સુધીના હિસાબો

| ક્રમ | વિગત | રકમ |
|---|---|---|
| ૧ | તા.૦૧–૦૪–૨૦૧૬ની ઉઘડતી સિલક | ૮૨૩૨૧૪૨૬.૨૮ |
| ૨ | તા.૦૧–૦૪–૨૦૧૬ થી ૩૧–૦૩–૨૦૧૭ સુધીની કુલ આવક | ૩૨૦૨૬૧૮૨૫.૮૦ |
| ૩ | તા.૦૧–૦૪–૨૦૧૬ થી ૩૧–૦૩–૨૦૧૭ સુધીની કુલ જાવક | ૨૮૫૫૭૬૦૦૫.૭૫ |
| ૪ | તા.૩૧–૦૩/–૨૦૧૭ ની બંધ સિલક | ૧૧૭૦૦૭૨૪૬.૩૩ |

ઉપરોકત ઠરાવ ચર્ચામાં મુકાતાં વિપક્ષી સદસ્યશ્રી પ્રફુલ્લભાઈ એમ. ચુનારા તરફથી ઉપરોકત ઠરાવ બાબતે નીચે મુજબના ઠરાવનો વિરોધ સદસ્યશ્રી દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર ના ટેકા સાથે રજુ થઈ.

ગુજરાત મ્યુની. એકટ ૧૯૬૩ની કલમ ૭૬(૨) માં પેરા નં. ૨ મુજબ ખંભાત ન.પા. ના વાર્ષિક હિસાબો એપ્રિલ–૨૦૧૬ થી માર્ચ–૨૦૧૭ સુધીના હિસાબો મંજુર કરવા બાબત.

સદર બાબતે જણાવવાનું કે ન.પા. ધ્વારા જે જો હુકમી ચાલી રહેલ છે તેનો અમો વિરોધ કરીએ છીએ ન.પા.ના કાઉન્સીલરોને તેમના હકકમાં આવતા ન.પા.વહીવટના કોઈપણ કાગળો માંગવામાં આવે છે તે આપવામાં આવતા નથી કામગીરી કે ખર્ચની કોઈ વિગતો આપવામાં આવતી નથી બિન લોકશાહી પધ્ધતિથી ચાલી રહેલ છે જેને કારણે અમોને આ વાર્ષિક હિસાબો મંજુર નથી તેનો અમો વિરોધ કરીએ છીએ.

ઉપરોકત મુળ ઠરાવ સામે ઉપર જણાવેલ સભ્યશ્રીઓ ધ્વારા વિરોધ નોંધાવવામાં આવેલ છે પરતું નગરપાલિકાના મંજુર થયેલા નિયમોના પ્રકરણ ૧નો નિયમ ૩૨ મુજબ મુળ પ્રસ્તાવ સામે સુધારો રજુ થયેલ હોય તો જ તેની ઉપર મતદાન લઈ શકાય તેવી – જોગવાઈ હોવાના કારણે મતદાનની જરૂરીયાત ઉપસ્થીત થતી ન હોઈ મુળ ઠરાવ મંજુર કરવામાં આવે છે.

"મંજુર"

સહી. પરીમલબેન બી. શાહ
પ્રમુખ
ખંભાત નગરપાલિકા, ખંભાત